
ઉજાસ

પ્રવેશિકા, ભાગ 3



નવભારત સાક્ષરતા કાર્યક્રમ



જીવનમાં મેળવો શિક્ષણ

કરો મનોકામના પૂર્ણ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

નવભારત સાક્ષરતા કાર્યક્રમ



ખાટલા પર થઇ, એક નાની–શી શાળા,


પ્રિયજનોને ભણાવતી, શિક્ષિકા બની બાળા

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ઉજાસ

પ્રવેશિકા

ભાગ ૩



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
Gujarat Council of Educational Research and Training, Gandhinagar

આમુખ

નમસ્કાર મિત્રો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં થયેલી ભલામણોના યથાર્થ અમલીકરણ માટે ભારત સરકાર દ્વારા ૧ એપ્રિલ, ૨૦૨૨ થી નવભારત સાક્ષરતા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં Education for Allનાં તમામ પાસાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજનાનો હેતુ માત્ર સાક્ષરતાનો નથી, પરંતુ ૨૧મી સદીના નાગરિકો માટે નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, વ્યાપારિક કૌશલ્યો, આરોગ્ય સંભાળ, બાળસંભાળ અંગેનું શિક્ષણ અને કુટુંબ કલ્યાણ સહિતનાં મૂળભૂત જીવન કૌશલ્યોનો સમાવેશ કરવાનો છે. સ્થાનિક કક્ષાએ રોજગાર મળી રહે તે માટે વ્યાવસાયિક કૌશલ્ય વિકાસ, પ્રાથમિક–માધ્યમિક સ્તરે મૂળભૂત શિક્ષણ તથા કલા–વિજ્ઞાન–ટેકનોલોજી, સાંસ્કૃતિક અને મનોરંજનના પરિપ્રેક્ષ્યમાં સતત શિક્ષણ સહિતના વિષયો દ્વારા વ્યક્તિગત વિકાસ તેમજ શ્રેષ્ઠ નાગરિક ઘડતરના ઉદ્દેશ્ય રહેલા છે.

નવભારત સાક્ષરતા કાર્યક્રમના દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 2011ની વસતિ ગણતરી મુજબ દેશમાં 15 વર્ષ કે તેથી વધુ વયજૂથમાં બિનસાક્ષરોની કુલ સંખ્યા 25.76 કરોડ (પુરુષ 9.08 કરોડ, મહિલા 16.68 કરોડ) છે. 2009–10 થી 2017–18 દરમિયાન સાક્ષર ભારત કાર્યક્રમ હેઠળ સાક્ષર તરીકે પ્રમાણિત 7.64 કરોડ વ્યક્તિઓની પ્રગતિને ધ્યાનમાં રાખીને એવો અંદાજ છે કે હાલમાં ભારતમાં લગભગ 18.12 કરોડ પુખ્ત લોકો હજુ પણ બિનસાક્ષર છે. NEP-2020 અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 100% સાક્ષરતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નિર્ધારિત થયેલું અને તે માટે NCERT ખાતે રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, GCERT ખાતે રાજય સાક્ષરતા કેન્દ્ર અને DIET ખાતે જિલ્લા સાક્ષરતા કેન્દ્ર સ્થાપવાની ભલામણ થયેલી છે.

સાક્ષરતા એક વિશાળ સંકલ્પના છે, માત્ર વાંચન–લેખન–ગણન પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં વિવિધ વિષયોની દૃશ્ય–શ્રાવ્ય અને ડિજિટલ સામગ્રીઓનો ઉપયોગ કરવાની, ઓળખવાની ક્ષમતા પણ અપેક્ષિત છે.

NEP–2020ના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત બિનસાક્ષર શિક્ષણાર્થીઓ માટે ઉજાસ પ્રવેશિકા (ભાગ ૧ થી ૪)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રવેશિકા ભાષા અને ગણિત બન્ને વિષયને સંકલિત કરીને બનાવવામાં આવી છે. ભાષાકીય સાક્ષરતાના સંવર્ધન માટે રોજબરોજના વ્યવહારમાં ઉપયોગી મુદ્દાઓને અર્થપૂર્ણ સામગ્રીમાં ઢાળીને ૧૩ મુદ્દાઓમાં આ પ્રવેશિકાને રચવામાં આવી છે. આ મુદ્દાઓમાં પરિવાર અને પડોશ, વાતચીત, આપણી આસપાસ, ખાણી–પીણી અને આરોગ્ય,

મતદાન, કાયદાકીય જાણકારી, આપત્તિ વ્યવસ્થાપન, સમય, પ્રવાસ, મનોરંજન, નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશિકાનો ઉપયોગ શિક્ષકો/સહયોગી દ્વારા કરવામાં આવશે તેમજ તેના આધારે શિક્ષાર્થીઓને શીખવામાં મદદ મળશે. આ માર્ગદર્શિકામાં માત્ર વાંચન–લેખન–ગણન જ નહીં, પરંતુ વિશાળ પરિપ્રેક્ષ્યમાં શીખવા–શીખવવાની પ્રક્રિયા વિશે વિશદ ચર્ચા કરવામાં આવી છે.

આ પ્રવેશિકાના અમલીકરણ દરમિયાન શિક્ષાર્થીના સ્થાનિક પરિવેશ અને અનુભવ જગતનો ઉપયોગ સ્વયંસેવી/શિક્ષકો કરશે તો શિક્ષાર્થીઓ સરળતાથી શીખી શકશે એવો અનુભવ છે. શિક્ષાર્થીના અનુભવ જગતમાંથી વાર્તા કે સંવાદ કરતાં કરતાં શીખવવાથી તેઓ ઝડપથી, રસપૂર્વક, કંટાળા વગર અને આનંદથી શીખી શકશે.

ઉજાસ પ્રવેશિકામાં સામેલ વિષયવસ્તુને તેમજ વિભાવનાઓને શિક્ષાર્થી તેમજ સ્વયંસેવી/શિક્ષકો માટે મોડ્યુલ કે વીડિયો આધારિત બનાવવામાં આવી છે. આ તમામ સાહિત્ય DIKSHA પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. જેની મદદથી શિક્ષાર્થીઓને શીખવા–શીખવવામાં મદદ મળશે.

રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના માર્ગદર્શન હેઠળ જી.સી.ઈ.આર.ટી.ના રાજ્ય સાક્ષરતા કેન્દ્ર દ્વારા આ પ્રવેશિકા ગુજરાત રાજયના શિક્ષાર્થીઓ સમક્ષ તૈયાર કરી મૂકવામાં આવી છે. આ તબક્કે આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો હું આભાર વ્યકત કરું છું.

મે, ૨૦૨૩

ડી. એસ. પટેલ

અધ્યક્ષ

રાજય સાક્ષરતા કેન્દ્ર, ગાંધીનગર, ગુજરાત

અને

નિયામક

જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સૌ માટે શિક્ષણ(Education for All)નો એક મહત્ત્વનો ભાગ છે. જેનો ઉદ્દેશ ૧૫ કે તેથી વધુ ઉંમરના એવા શિક્ષાર્થીઓને સાક્ષર બનાવવાના છે કે જેઓ શિક્ષિત તો છે જ પરંતુ તેઓની પાસે અક્ષરજ્ઞાન નથી અથવા તો તેઓ બિનસાક્ષર છે. *નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ* અંતર્ગત વાચન–લેખન તથા સંખ્યાજ્ઞાનનાં કૌશલ્યોને એવા શિક્ષાર્થીઓ સુધી લઈ જવાનાં છે કે જેઓ કોઈ કારણથી શાલેય શિક્ષણ મેળવી શક્યા નથી અથવા તે ચાલુ રાખી શક્યા નથી. આથી સંભવ છે કે સામાજિક ચેતના કેન્દ્રના અથવા તમારા સંપર્કના બિનસાક્ષર શિક્ષાર્થી વાચન–લેખનની પ્રક્રિયામાં જુદીજુદી કક્ષાએ હોય.

આપણે એ વાત યાદ રાખીશું કે આપણા શીખનારાઓ સમજદાર છે અને તેઓ પાસે દૈનિક જીવનના અનુભવો છે જેના ઉપયોગ દ્વારા તેઓ તેમના જીવનમાં વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરે છે અને જે–તે પરિસ્થિતિમાં અનુકૂળ થવાની કુશળતા પણ ધરાવે છે. આમાંથી મોટાભાગના લોકો કોઈને કોઈ કામગીરી અર્થે ઘરમાં કે ઘરની બહાર જવાબદારી નિભાવતા હોય તેવું સંભવ છે. આપણો ઉદ્દેશ એ છે કે સાક્ષરતાના માધ્યમથી તેઓની વાચન–લેખન અને ગણનની સમજમાં અભિવૃદ્ધિ થાય અને તેમનું રોજિંદુ જીવન વધુ સરળ બને. જેથી તેઓ પોતાના અનુભવ અને સમજ (ક્ષમતા)ને વધારે સઘન તેમજ વિસ્તૃત કરી શકે. આમ કરવાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવી આશા છે.

સ્વયંસેવી શિક્ષક તરીકે આપણા માટે એ જાણવું જરૂરી છે કે –

- સાક્ષર બનાવવા માટે આપણે જે શિક્ષાર્થીઓની મદદ કરવાના છીએ તે ૧૫ વર્ષ કે તેથી વધારે ઉંમરના છે. એવું પણ બની શકે કે તેમની પાસે અનુભવનો વધુ ભંડાર હોય. તેમના અનુભવનું સન્માન કરવું અપેક્ષિત છે. તેઓ તેમનાં રોજિંદાં કાર્યો સારી રીતે કરી શકે છે. તેમની કાર્યદક્ષતાની પ્રશંસા કરવી અપેક્ષિત છે.
- તેઓ ત્યારે જ શીખશે કે જ્યારે તેઓને શીખવું ઉપયોગી લાગશે. શિક્ષાર્થીઓને પૂરતી તૈયારીથી શીખવીએ જેથી તેઓ જે શીખી રહ્યાં છે તેનો તેઓને લાભ મળી શકે. આમ કરવાથી આપણે પણ ઘણું નવું શીખી શકીશું તેમજ આપણો આત્મવિશ્વાસ પણ વધશે. આમ, પૂરતી તૈયારી, મહેનત અને સન્માન સાથે શિક્ષાર્થીઓને શીખવીએ.
- **ઉજાસ** પ્રવેશિકા ગુજરાતી ભાષા અને ગણિતનું સંકલિત સ્વરૂપ છે. જેના દરેક એકમમાં ગુજરાતી ભાષાની ક્ષમતાઓ અને ગાણિતિક ક્ષમતાઓના વિકાસ માટેનો પર્યાપ્ત અવસર આપવામાં આવ્યો છે.
- શિક્ષાર્થી ગુજરાતી ભાષા સાંભળવા અને બોલવામાં તો સક્ષમ છે પરંતુ શક્ય છે કે વાચન અને લેખનની પૂરતી તકોના અભાવને કારણે તેઓને અમુક પ્રકારની મુશ્કેલી થાય તેવું પણ

બને. એવું પણ શક્ય છે કે કેટલાક શીખનારાઓને અક્ષરજ્ઞાન હોય. એ જ રીતે, શીખનાર ગણિતમાં મૌખિક ગણતરી કરવાનું કૌશલ્ય અને ગણતરીઓની અનૌપચારિક રીતો જાણતા હોય છે પરંતુ તેમને આંકડાઓની ઓળખ કરવામાં અને વિવિધ ગાણિતિક સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી અનુભવતા હોય.

- શિક્ષાર્થીને ચિત્ર, વાર્તા, કાવ્યો તેમજ અન્ય રોચક સામગ્રી દ્વારા ગુજરાતી ભાષાના કેટલાક અપરિચિત અક્ષરો, શબ્દો દ્વારા પાઠ્યપુસ્તકના વિષયવસ્તુનું વાચન–લેખન શીખવવામાં આવ્યું છે. આવી પાઠ્યસામગ્રી દ્વારા ગણિતના અંકો, ગણતરી તેમજ સમસ્યાના ઉકેલ શીખવવામાં આવ્યાં છે. આપણે ઇચ્છીએ તો શૈક્ષણિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અન્ય સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી શકીએ છીએ. ચિત્ર દ્વારા શિક્ષાર્થીઓ સાથે વાતચીત અને તેઓના અનુભવોનું આદાનપ્રદાન કરી શકીએ છીએ.
- ઉજાસના પ્રથમ પાના પર ખાસ કરીને શિક્ષાર્થીઓને લખવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી છે, જેથી તેઓ પોતાનું નામ, સરનામું અને સંપર્ક નંબર (મોબાઇલ નંબર) લખે. શિક્ષાર્થીઓ માટે દૈનિક જીવનમાં પોતાનું નામ અને અન્ય બાબતો લખવાનું વારંવાર થતું હોય છે. એવું પણ બની શકે છે કે તેઓ પોતાનું નામ ન લખી શકતા હોય તો આવા શિક્ષાર્થીઓને તેમનું નામ, સરનામું, ફોન નંબર વગેરે જરૂરી સૂચનાઓ લખીને બતાવવી અને જોઈને લખવામાં તેમની મદદ કરવી.
- ઉજાસ પ્રવેશિકાના ચારેય ભાગના અંતે ગુજરાતી ભાષાના મૂળાક્ષરો (વર્ણમાળા) આપવામાં આવ્યા છે. જેનો ઉદ્દેશ શિક્ષાર્થીઓને ગુજરાતી મૂળાક્ષરોના ક્રમનો પરિચય કરાવવાનો છે. પરંતુ શરૂઆત અર્થપૂર્ણ સામગ્રીથી જ થશે. એકવાર અક્ષરોથી પરિચિત થયા પછી મૂળાક્ષરો દ્વારા શિક્ષાર્થીઓને અક્ષરોની ક્રમશ: ઓળખ કરાવી શકાય છે. જો શિક્ષાર્થી પહેલેથી જ થોડું અક્ષરજ્ઞાનનું કૌશલ્ય ધરાવતો હોય તેમને માટે ગુજરાતી મૂળાક્ષરોનાં ચાર્ટવાળા પેઇજનો ઉપયોગ પહેલાં કરી શકાય.
- ગુજરાતી મૂળાક્ષરોનો ચાર્ટ વારંવાર જોવાથી શિક્ષાર્થીઓ ઝડપથી અક્ષર ઓળખતા થશે. તેમજ તેઓ અનુમાન કરીને અક્ષરો ઓળખશે તેમજ વાચન–લેખનનું કૌશલ્ય પ્રાપ્ત કરશે.
- ગુજરાતી ભાષાના અક્ષરોની ઓળખ માટે ભાષાની રમતોનું આયોજન કરી શકાય. જેમ કે ગુજરાતી મૂળાક્ષરોમાં આપવામાં આવેલ કોઈ એક અક્ષરથી શરૂ થતા શબ્દો બોલવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બનાવવા અને વાંચવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બોલવા, વાંચવા–લખવા જેવી રમત પણ મદદરૂપ થઈ શકે છે.
- ગુજરાતી મૂળાક્ષરોના અક્ષરોને એક અક્ષરજાળનાં સ્વરૂપમાં પણ ઉપયોગ કરીને શબ્દો બનાવવાની રમત રમાડી શકાય. આ અક્ષરજાળમાં શીખેલ અક્ષર/માત્રાને પણ લઈ શકાય.
- પ્રવેશિકાના અંતે આપવામાં આવેલ ગુજરાતી મૂળાક્ષરોને શિક્ષાર્થી વાંચન–લેખન શીખતી વખતે ગમે ત્યારે જોઈ શકે છે, વાંચન–લેખનમાં તેનો ઉપયોગ કરી શકે છે.

શિક્ષાર્થીઓને શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની થતી બાબતો

- **તમારા શિક્ષાર્થીને ઓળખવા** – આપણે આપણા શિક્ષાર્થી વિશે જાણીશું કે શું તેમને બિલકુલ વાંચન લેખન આવડતું જ નથી કે પહેલેથી થોડું વાંચન લેખન જાણે છે? તેઓ ફક્ત અક્ષર ઓળખ કરી શકે છે કે પછી ફક્ત પોતાનું નામ લખવાનું જ જાણે છે? એવું પણ હોઈ શકે કે તેઓ સંખ્યાજ્ઞાન ધરાવતા ન હોય પણ ગણિતના આંકડા અને ગણતરીની ઔપચારિક રીતોથી પરિચિત હોય. તેમના વિશે, તેમની પસંદ નાપસંદ, સુખ–દુઃખ, કુટુંબ, ચિંતા, સંઘર્ષ જેવી બાબતો પણ જાણીએ, જેથી જ્યારે આપણે શીખવા–શીખવવાની પ્રક્રિયા શરૂ કરીએ ત્યારે તેમના જીવનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને વાતચીત કરી શકીએ. વાતચીત દરમિયાન તેમની હિંમત વધે અને પોતાને સમર્થ સમજે તે માટે પ્રોત્સાહિત કરવા. આપણી આત્મીયતા તેમના જીવનના ઘણા દુઃખદ પ્રસંગો પરથી તેમનું ધ્યાન હટાવી શકે છે. કોઈપણ શિક્ષાર્થીની માનહાનિ ન થાય તેમજ તેમની જાતિ, જ્ઞાતિ કે ધર્મ પર કોઈપણ પ્રકારની ટિપ્પણી ન થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવું.
- **તમારી શીખવા શીખવવાની કાર્યશૈલીને મનોરંજક બનાવવી** – તમારી આસપાસ એવી અનેક વસ્તુઓ ઉપલબ્ધ હશે જે એકમના શિક્ષણ વખતે ઉપયોગી બની શકે છે. આવી વસ્તુઓ જેવી કે છાપું, પત્રિકા, વીજળીનું બિલ, રેલવે ટિકિટ વગેરેનો યોગ્ય ઉપયોગ કરો.
- **શિક્ષાર્થીને પોતાની વાત રજૂ કરવાની તક આપવી –** તમે એકલા જ ન બોલો. શિક્ષાર્થીને ચર્ચા કરવા માટે તેમજ પોતાના વિચાર રજૂ કરવા માટે પૂરતો સમય આપો. આપણી ઇચ્છા શિક્ષાર્થીને ઘણી બધી જાણકારી આપવાની હોય છે પરંતુ એવું પણ બને કે તે પહેલેથી જ ઘણું જાણતા હોય, માટે આપણે તેમની જાણકારી અને અનુભવોનો લાભ લેવો જોઈએ. આવા સમયે આપણે તેમનો આભાર વ્યક્ત કરવાનું પણ ન ભૂલીએ.
- **પૂરક વાચન સામગ્રીનો ઉપયોગ કરવો – ઉજાસ**ના દરેક પાઠને વાંચી તેની સાથે સંલગ્ન વિવિધ પ્રકારની રસપ્રદ અને સરળતાથી ઉપલબ્ધ હોય તેવી અર્થપૂર્ણ વાંચન સામગ્રી એકત્ર કરો. જેથી શિક્ષાર્થીઓને શીખવવામાં આવેલા પાઠ્યવસ્તુને સમજવાનું સરળ બનશે અને તેઓ તેનાથી જોડાયેલા રહેશે.
- **શિક્ષાર્થી પ્રત્યે સંવેદનશીલ અને હકારાત્મક દ્રષ્ટિકોણ રાખવો –** આપણે એવું ન સમજીએ કે આપણે ઉંમરમાં તેમનાથી નાના કે મોટા છીએ તો તેઓ આપણી વાતોને ગંભીરતાથી લેશે નહીં. તેઓ તમને ખૂબ જ આદર અને પ્રેમ આપશે કારણ કે આપણે તેમને વાચન–લેખન અને સંખ્યાજ્ઞાન શીખવામાં તેમની મદદ કરી રહ્યા છીએ. તમે ખૂબ જ સમજદાર, અનુભવી અને સંવેદનશીલ વ્યક્તિ છો. તમારે યાદ રાખવું જોઈએ કે તેમના કામકાજ, પોશાક, ઉચ્ચારણ તેમજ ઊઠવા–બેસવાની રીતભાત પર કોઈપણ નકારાત્મક વાત ન કરવી.
- **શિક્ષાર્થીઓની સગવડોનું ધ્યાન રાખવું –** શીખવા શીખવવાનો સમય, સ્થળ, અંતર વગેરે બાબતોનું નિર્ધારણ શિક્ષાર્થીને અનુકૂળ હોય તેવું જ રાખો. શિક્ષાર્થીઓ માટે બેસવાની

વ્યવસ્થા કંઈક એવી રીતે રાખો કે તેઓ આરામથી બેસી શકે અને જ્યારે આપણે તેને અક્ષર અને શબ્દ વાંચીને બતાવીએ ત્યારે તે સરળતાથી જોઈ પણ શકે. બેઠક વ્યવસ્થા માટે ટેબલ ખુરશી જેવી વસ્તુઓની પહેલેથી જ વ્યવસ્થા કરી રાખવી જેથી મોટી ઉંમરના શિક્ષાર્થીઓને ગોઠણના દુ:ખાવા વગેરે જેવી સમસ્યા હોય તો તેઓ કલાક બે કલાક બેસવામાં કોઈ મુશ્કેલી ન અનુભવે.

- **મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા કરવી –** જે સ્થળ પર આપણે શિક્ષાર્થીઓને શીખવી રહ્યા છીએ ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ જરૂરી અજવાળું પણ હોવું જોઈએ.
- **શિક્ષાર્થીઓના અનુભવ અને કૌશલ્યોનું સન્માન કરવું –** આપણા શિક્ષાર્થીને પોતાના જીવનનો ખૂબ જ વિશાળ અનુભવ છે. વાંચન–લેખન શીખવામાં તેમના અનુભવનો ખૂબ જ લાભ મેળવવામાં આવે તો તમારા માટે વાંચન–લેખન શીખવવાનું ખૂબ જ સરળ થઈ જશે. આપણા શિક્ષાર્થી કાર્યકુશળ વ્યક્તિઓ છે. તેઓ જુદા જુદા પ્રકારનાં કૌશલ્યો જાણે છે. તેમના કાર્યકૌશલ્યનો ઉપયોગ શબ્દભંડોળ, ગણિતનાં કૌશલ્ય અને વાચન–લેખન શીખવવામાં યોગ્ય રીતે કરી શકાય છે. વાચન–લેખનના સંદર્ભમાં તમારી સમજ વધારે છે જ્યારે કામકાજ અને જીવનના અનુભવોની વાત કરીએ તો તેમની સમજ ઊંડાણપૂર્વકની હોય છે. તમારી પાસે અપેક્ષા છે કે તમે તેઓનું આદરપૂર્વક સંબોધન કરો. તેમની ઉંમર અને અનુભવોને પૂરતું સન્માન આપો.
- **શિક્ષાર્થીના શીખવાની પ્રક્રિયાને સમજવી –** એવું પણ બની શકે છે કે તમે તેઓને આજે જે શીખવ્યું છે તે બે ત્રણ દિવસ પછી તેઓ ભૂલી જાય. આ ખૂબ જ સ્વાભાવિક બાબત છે. આથી અગાઉ શીખવેલું છે તેનું પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહન આપવું જરૂરી બનશે. એ વાતનું વિશેષ ધ્યાન રાખો કે દરેક શિક્ષાર્થીની શીખવાની ગતિ અને પદ્ધતિ અલગ હશે તો તે અનુસાર જ તેમને શીખવવામાં મદદ કરો. શીખવા અને પરિવર્તન લાવવામાં સમય લાગે છે એટલા માટે ધીરજ રાખો. કેન્દ્રના માહોલને રસપ્રદ બનાવવા માટે સમયાંતરે મનોરંજન, રમત તેમજ તહેવાર અનુસાર ગીત પણ ગાઓ. ગીતો, વાર્તાઓ અનુભવોનું વર્ણન વગેરે દ્વારા આપણે શીખવા શીખવવાના વિષયવસ્તુઓની બાબતોને જોડી શકીએ છીએ. આમ કરવાથી શીખવાની પ્રક્રિયાને રસપ્રદ બનાવી શકાય છે. શીખવા માટે આનંદદાયી અને પ્રેરણારૂપ માહોલ બનાવવો જરૂરી છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

આર. આર. પટેલ
સંયોજક
રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને
નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર
જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

પ્રેરણા

ઉષા શર્મા, સભ્ય સંયોજક, પ્રોફેસર અને ઇ.ચા. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

અધ્યક્ષ

ડી. એસ. પટેલ, નિયામક, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર, ગુજરાત

સંયોજન અને પરામર્શન

આર. આર. પટેલ, નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર

નિર્માણ સમિતિ—સંપાદન

ડૉ. બાની બોરા, વરિષ્ઠ સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

શિવા શ્રીવાસ્તવ, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

રોહિત નૈનવાલ–સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

સોનાલી, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

ડૉ. યોગીતાબેન દેશમુખ, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. ઇકબાલભાઇ વોરા, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

રાજેશભાઇ ભટ્ટ, લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

પી.એન.પટેલ, લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી

સમીક્ષા સમિતિ

રશ્મિકાબેન મોદી, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

એમ.એ. શેખ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ

ડી.આર.પટેલ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દક્ષાબેન ખડાયતા, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ

ગ્રાફિક્સ અને ડિઝાઇન

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

જીજ્ઞેશ ઠાકર, ટેકનીશીયન, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દિપક ગોસાઇ, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

આભાર

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર–ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) પ્રકાશન માટે સંમતિ આપવા બદલ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ન્યુ દિલ્હીનો આભાર વ્યકત કરે છે. જેમના માર્ગદર્શન હેઠળ આ સામગ્રી વિકસાવવામાં આવી છે. એનસીઇઆરટીના રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના પ્રભારી ઉષા શર્મા–પ્રોફેસર, એનસીઇઆરટીનો આભાર વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના ફેકલ્ટી ડૉ. બાની બોરા–વરિષ્ઠ સલાહકાર, રોહિત નૈનવાલ–સલાહકાર, શીવા શ્રીવાસ્તવ–સલાહકાર, સોનાલી–જુ. પ્રોજેકટ ફેલો. ના આભારી છે .

ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) નિર્માણ માટેના વિવિધ તબક્કા જેમકે એનસીઇઆરટી દ્વારા યોજાયેલ કાર્યશાળાઓ તેમજ જીસીઇઆરટી દ્વારા યોજાયેલ નિર્માણ અને સમીક્ષા અંતર્ગત યોજાયેલ કાર્યશાળાઓના લેખકો, સમીક્ષકો અને ટેકનીકલ સહાય પૂરી પાડનાર સૌનો આભાર માનીએ છીએ. જેમના સહયોગથી આ કાર્ય પૂર્ણ કરવામાં સફળતા મળી છે.

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર
જીસીઇઆરટી ગાંધીનગર,
ગુજરાત

અનુક્રમણિકા

આમુખ

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

8. **અલગ–અલગ આપત્તિઓ** 192–204

- જ્યારે ધરતી ધ્રુજી
- માપન ક્ષમતા (મિલીલિટર, લિટર)
- ગુણાકાર અને ભાગાકાર સાથે સંકળાયેલી દૈનિક જીવનની સમસ્યાઓનું નિરાકરણ

9. **સમય સમયની વાત** 205–224

- હાજી નાજી
- સમયની અછતમાં
- બે અંકની સંખ્યાઓનો ગુણાકાર
- સમયનું માપન (કલાક, મિનિટ, સેકન્ડ)

10. **પ્રવાસ** 225–243


- ગાંધીજીની આત્મકથામાંથી...
- પ્રવાસ
- સમય માપનનો ઉપયોગ કરવો (12 અને 24 કલાકની ઘડિયાળ)
- કૅલેન્ડર, સમયપત્રક અને ટ્રેન ટિકિટો વિશેની માહિતીની સમજ કેળવવી

મારી ચોપડી

મારું નામ : _____

મારું સરનામું : _____

મારો મોબાઈલ નંબર : _____



વાતચીત માટે

વાતચીત અથવા બોલચાલની ભાષામાં આપત્તિનો અર્થ ભારે મુશ્કેલી થાય છે, એવી મુશ્કેલી જે અચાનક આવી જાય છે. આપેલ ચિત્રમાં કેવા પ્રકારની મુશ્કેલી દર્શાવવામાં આવી છે? શું તમે ક્યારેય આવી આપત્તિનો સામનો કર્યો છે?



8

અલગ – અલગ આપત્તિઓ

M4B4X7

આપણે શીખીશું

- પ્રવાહીનું માપન કરવું [મિલીલિટર, લિટર]
- ગુણાકાર અને ભાગાકાર સાથે જોડાયેલી દૈનિક જીવનની સમસ્યાઓનું સમાધાન કરવું.

- જુઓ અને વાંચો.



આગ



પૂર



ધરતીકંપ



રેલ અકસ્માત



એમ્બ્યુલન્સ



અગ્નિશામક



ભાગદોડ



રાહત શિબિર


શિક્ષક માટેની સૂચના: ચિત્રના નીચે લખેલા શબ્દોનું આંગળી રાખી વાંચન કરાવો.
જૂથના સભ્યોને ચિત્રના નીચે લખેલા શબ્દોનું વાંચન કરાવવું અને જુદી જુદી આપત્તિઓ વિશે તેમની સાથે ચર્ચા કરો અને તેમના અનુભવો જાણો.

• સાથે વાંચીએ

જ્યારે ધરતી ધ્રૂજી

મારું નામ રેશમા છે. હું ગુજરાતનાં કચ્છ વિસ્તારમાં રહું છું. આ વાત ત્યારની છે જ્યારે હું અગિયાર વર્ષની હતી. અચાનક જ જમીન જોરથી ધ્રૂજવા લાગી. અમે બધાં ખૂબ ગભરાઈ ગયાં, થોડા જ સમયમાં અમારું આખું ગામ કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગયું. અમારા કપડાં, વાસણ, જમવાનું બધુ જ કાટમાળના ઢગલામાં દટાઈ ગયું.






ઘણાબધાં લોકોને ખૂબ વાગ્યું હતું. ડૉક્ટરોની ટીમે અમારા ગામની ખૂબ મદદ કરી. એમની મદદથી અમારા ગામના લોકો સાજા થવા લાગ્યા. ત્યારે શિયાળાની ઋતુ હતી. અમારે ત્યાં ખૂબ જ ઠંડી હતી અને એટલી ઠંડીમાં ઘરની બહાર રહેવું મુશ્કેલ હતું. ઠંડી અને ધરતીકંપની બીકને કારણે નિંદર આવતી ન હતી. એવી જ બીક લાગ્યા કરતી હતી કે ફરીથી ધરતીકંપ આવશે તો?

ઘણા બધાં લોકોએ અમને મદદ કરી, અમારા રહેવા માટે તંબુ લગાડવામાં આવ્યા. ઘણા બધા લોકોએ ખાવા–પીવાની સામગ્રી પણ આપી.



શહેરમાંથી કેટલાક એન્જિનિયર આવ્યા. એમણે અમને કહ્યું, “જો તમારા મકાન ખાસ ડિઝાઈનથી બનાવવામાં આવે તો ધરતીકંપના કારણે નુકસાન ઓછું થાય.”



અમે બધાએ ખૂબ મહેનત કરી અને ફરીથી અમારું ઘર બનાવ્યું. અમારા ઘરની કાચના ટુકડાઓથી સજાવટ કરી, હવે અમારું ઘર રાત્રે હીરાની જેમ ચમકે છે.



[સ્રોત – આસપાસ, ધોરણ ૫, એન.સી.ઈ.આર.ટી.]

શિક્ષક માટેની સૂચના: આ એકમ ભણાવતી વખતે કચ્છના ધરતીકંપ વિશે વધુ જાણકારી આપવી હિતાવહ છે. ધરતીકંપથી થતી અસરોની ચર્ચા કરો, શિક્ષાર્થી જૂથને પૂછવું કે, તમને ધરતીકંપનો અનુભવ થયો છે ? તમને કેટલું નુકસાન થયું ? કેવી કેવી મુશ્કેલીઓ આવી? વગેરે....

• વિચારો અને કહો :–

પ્રશ્ન 1. ધરતીકંપના લીધે જ્યારે લોકોનાં ઘર જ ન રહ્યાં, ત્યારે લોકોને કેવા પ્રકારની મદદ/રાહતની જરૂરિયાત પડી હશે ?

પ્રશ્ન 2. વિચારો જો તમારે ત્યાં ધરતીકંપ આવે તો શું તમારા ઘરને મુશ્કેલી થશે ? જો હા તો તમે ક્યાં રહેશો ?

પ્રશ્ન 3. ધરતીકંપ વખતે તમારાં પાલતું પ્રાણીઓની સુરક્ષા અને સાર સંભાળ માટે તમે શું કરશો ?

પ્રશ્ન 4. શું તમે તમારા જીવનમાં દુષ્કાળ, ધરતીકંપ, પૂર જેવી કોઇ કુદરતી આપત્તિનો સામનો કર્યો છે? જો હા તો તમારા અનુભવોની આપ–લે કરો.

પ્રશ્ન ૫. શું તમને લાગે છે કે આમાંથી કેટલીક આપત્તિઓ માટે મનુષ્ય સીધી રીતે જવાબદાર છે? આવી કોઈ એક આપત્તિ વિશે મિત્રો સાથે વાતચીત કરો અને વાતચીતમાં આવેલા મુખ્ય મુદ્દાઓનું લેખન કરો.

- **ધરતીકંપ વખતે કઈ–કઈ સાવચેતી રાખવી જોઈએ ?**

1. જો તમે ઘરની અંદર હોવ તો

- જમીન પર નમી જવું, કોઈ મજબૂત ટેબલ નીચે બેસી જવું.
- ટેબલ ન હોય તો બંને હાથથી પોતાનો ચહેરો અને માથાને ઢાંકી લો.
- કાચ, બારી અને દરવાજાથી દૂર રહો.

2. જો તમે ઘરની બહાર હોવ તો

- મકાન, ઝાડ, સ્ટ્રીટલાઇટ, વીજળીના તાર, ટેલિફોનના વાયરથી દૂર રહો.

3. જો તમે વાહનમાં મુસાફરી કરી રહ્યા હોવ તો

- શકય એટલી ઝડપથી સાવધાની સાથે ગાડી ઊભી રાખવી અને ગાડીમાં જ બેસી રહેવું.

4. જો તમે કાટમાળના ઢગલા નીચે ફસાયા હોવ તો

- માચીસની સળી ન સળગાવો.
- પોતાના મુખને કપડાથી ઢાંકો.
- કોઈ પાઇપ અથવા દીવાલને થપથપાવો જેથી બચાવવાવાળા તમને શોધી શકે.



ધરતીકંપ સમયે કોઈ મજબૂત ચીજવસ્તુ નીચે છુપાઈ જવાનું શા માટે કહેવામાં આવ્યું છે?

- **આપત્તિ સમયે સંપર્ક સૂચના :–**

કોઈપણ મુશ્કેલીના સમયે તમને મદદની જરૂર પડી શકે છે. માટે પોતાના વિસ્તારમાં આવેલ પોલીસ સ્ટેશન, અગ્નિશામક કેન્દ્ર, અને નજીકના દવાખાના વગેરેનાં સરનામાં તથા ફોન નંબરની માહિતી મેળવીને લખી રાખો તેમજ આ માહિતીને યાદ પણ રાખો.

	સરનામું	ફોન નંબર
અગ્નિશામક કેન્દ્ર		
નજીકનું દવાખાનું		
એમ્બ્યુલન્સ		
પોલીસ સ્ટેશન		

મારા શબ્દો


શિક્ષક માટેની સૂચના: 'અલગ–અલગ આપત્તિઓ' વિષય પર વાતચીત કરો, મિત્રો સાથે વાતચીત કરી આ વિષય સાથે જોડાયેલા ૩–૪ શબ્દો લખો. આ શબ્દો તમારી ભાષાના પણ હોઇ શકે. જેમ કે ધરતીકંપ માટે ભૂકંપ વગેરે. મિત્રોએ જે આપત્તિઓનો સામનો કર્યો છે તેના પર તેમની સાથે ચર્ચા કરો અને તેમના અનુભવો ઉપર પોસ્ટર કે ચિત્ર તૈયાર કરાવો.

રાહત કાર્ય

- **જો એક તંબુમાં કુલ 6 લોકો રહી શકે તો 30 લોકો માટે કુલ કેટલા તંબુની જરૂરિયાત થશે?**
- **અકસ્માતમાં 50 લોકો ઘાયલ થયાં છે. એક એમ્બ્યુલન્સમાં 5 લોકો આવી શકે છે તો ઘાયલો માટે કેટલી એમ્બ્યુલન્સની જરૂર પડશે ?**

ગુંજાશનું માપન

લોકોને ભોજન, પાણીની બૉટલો તથા દૂધનાં પૅકેટ પણ આપવામાં આવ્યાં. પાણીની બૉટલો જુદા જુદા આકારની હતી. કેટલીક બૉટલો નાની તો કેટલીક મોટી હતી, દરેક બૉટલ પર તેમાં કેટલું પાણી સમાઇ શકે છે તેનું માપ લખેલું હતું.



1 લિટર



750 મિલિ
પોણો લિટર



500 મિલિ
અડધો લિટર




250 મિલિ
પા લિટર

- **1 લિટરની બોટલને ભરવા 500 મિ.લિ.ની કેટલી બૉટલોની જરૂર પડે?**
- **2 લિટર બોટલને ભરવા 250 મિ.લિ.ની કેટલી બૉટલોની જરૂર પડે?**


(1 લિટર = 1000 મિ.લિ.)

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી જૂથને જુદા જુદા આકારના વાસણ/બૉટલોમાં પ્રવાહી સમાવવાની ક્ષમતા [ગુંજાશ] શોધવા માટે પ્રેરિત કરવા. ઓછું અને વધારે પ્રવાહી સમાવવાની ક્ષમતાવાળી બૉટલ/વાસણ ક્યાં જોયાં છે? મિ.લિ. અને લિટર પ્રવાહી માપવાનાં એકમ છે. કોઈપણ વાસણની ગુંજાશ એ બતાવે છે કે તે વાસણ કે પાત્રમાં કેટલું પ્રવાહી સમાઈ શકે છે. નાના વાસણની ગુંજાશ મિલીલિટરથી માપવામાં આવે છે જ્યારે મોટા વાસણની ગુંજાશ લિટરમાં માપવામાં આવે છે. 1 લિટરમાં 1000 મિલીલિટર હોય છે.

- કેમ્પમાં એક બિમાર વ્યક્તિને ડૉકટરે 180 મિ.લિ. દવાની બૉટલ આપી અને દરરોજ એમાંથી 20 મિ.લિ. દવા પીવાની સલાહ આપી. તો એ બિમાર વ્યક્તિને કેટલા દિવસની દવા આપી હશે?



- પૂર હોનારત દરમિયાન એક ગામમાં બિમારી અટકાવવા માટે રસીકરણ માટે ટીમ મોકલવામાં આવી. ટીમે 100 મિ.લિ.ની 10 બૉટલ લઈને ગયા હતા. રસીકરણ માટે એક વ્યક્તિને 5 મિ.લિ. દવા જોઈએ તો 1 લિટર દવાથી કેટલા લોકોને રસીકરણ કરી શકાય?





વાતચીત માટે :–

1. તમારી પરિસ્થિતિ માટે કંઇક કહોઃ સુખદ પરિસ્થિતિ / દુઃખદ પરિસ્થિતિ
2. કોરોના કાળમાં શું તમે કોઇની મદદ કરી હતી?
3. કોરોના કાળમાં આવેલી મુશ્કેલીઓથી તમે શું શીખ્યા?
4. માસ્કનો ઉપયોગ શા માટે જરૂરી છે? ચર્ચા કરો.
5. હેન્ડ સેનેટાઇજરના ઉપયોગનું શું મહત્તવ છે? ચર્ચા કરો.





9

સમય–સમયની વાત

S9E1J1

આપણે શીખીશું

- બે અંકવાળી સંખ્યાઓનો ગુણાકાર
- સમયનું માપન [કલાક, મિનિટ, સેકન્ડ]
- સમયનું મહત્વ
- સમયમાપનનો ઉપયોગ કરવો
  [૧૨ અને ૨૪ કલાકવાળી ઘડિયાળ]

- **નીચે આપેલ શબ્દો વાંચો.**

સમય	દિવસ	દરરોજ	જમાનો
યુગ	ઘડિયાળ	અઠવાડિયું	વર્ષ
મહિનો	આવતીકાલ	રાત	તારીખિયું
સવાર	સાંજ	બપોર	ગઈકાલ

શિક્ષક માટેની સૂચના: સમય સાથે જોડાયેલા શબ્દો વિશે વાતચીત કરશે, એની સાથે જોડાયેલ કહેવત અને રૂઢિપ્રયોગો શોધવા પ્રયત્ન કરશે.

સાથે મળીને વાંચીએ અને વાતચીત કરીએ

હાજી–નાજી

આ એ સમયની વાત છે જ્યારે હાજી અને નાજી બેરોજગાર હતા. બંને નોકરીની શોધમાં સવારથી સાંજ સુધી ભટક્યા કરતા હતા. એક વખત એવી પરિસ્થિતિ આવી ગઈ કે બે વખતનું ભોજન મળી જાય તે માટે તેઓ કંઈપણ કરવા તૈયાર હતા. એ દિવસો દરમિયાન એમના શહેરમાં એક સર્કસ આવ્યું, સર્કસવાળાએ સ્થાનિક છાપામાં જાહેરાત આપી કે, ‘‘થોડા દિવસો માટે તેમને થોડા માણસોની જરૂર છે. કામ કરવા ઇચ્છનાર વ્યક્તિએ સવારે દસ વાગ્યે માનસરોવર હોટલમાં સંપર્ક કરવો.’’ સાડા દસ વાગ્યા સુધીમાં નાજી માનસરોવર હોટલ પહોંચી ગયો. સર્કસવાળાએ કહ્યું, ‘‘જો ભાઈ! વાત એવી છે કે, અમારો વાંદરો માંદો પડ્યો છે એની જગ્યાએ તારે વાંદરાની ખાલ પહેરીને થોડીવાર વાંદરો બનવું પડશે. એક દિવસના સાઇઠ રૂપિયા મળશે.’’



નાજીએ પૂછ્યું, "વાંદરો બનીને મારે એના જેવી ઊછળકૂદ કરવી પડશે?"

સર્કસવાળાએ કહ્યું, "હા,પણ સિંહના પાંજરામાં જઈને ગભરાતા નહિ, સિંહ તમને કાંઇ નહિ કરે."

નાજીને બીક તો ખૂબ જ લાગતી હતી, પણ કામની ખૂબ જરૂર હતી, એટલા માટે તે કામ કરવા તૈયાર થઇ ગયો.

બીજા દિવસે વાંદરાની ખાલ પહેરીને નાજી ઉછળકૂદ કરતાં કરતાં પહોંચી ગયો. દર્શકો એને જોઈ ખૂબ ખુશ થયા અને તાળીઓ પાડવા લાગ્યા. પણ જ્યારે સિંહના પાંજરામાં જવાનો સમય આવ્યો ત્યારે નાજીના હાથપગ સજ્જડ થઈ ગયા. એનાથી એક ડગલું પણ આગળ ચાલી ન શકાયું. ત્રણ લોકોએ ભેગામળી ધક્કા મારી મારી મહામુસીબતે એને સિંહના પાંજરામાં ધકેલ્યો.

સિંહને સામે જોઈને નાજી ખૂબ જ ગભરાઈ ગયો. નાજી તો એક ખૂણામાં લપાઈ ગયો અને થરથર ધ્રુજવા લાગ્યો. સિંહના ભયથી એનાથી સુ સુ થઈ ગયું. ધીરેધીરે ચાલતો સિંહ છેક એની નજીક પહોંચી ગયો અને તે નાજીના મોઢા પાસે પોતાનું મોઢું લાવીને એ બોલ્યો, "ગભરાઈશ નહીં, હું હાજી છું. તું સાડા દસ વાગ્યે પહોંચ્યો પણ હું પોણા દસ વાગ્યે પહોંચી ગયો હતો. ત્યારે સિંહની જગ્યા ખાલી હતી."

– સ્વંય પ્રકાશ

[સ્રોત – સાઇકિલ, બચ્ચો કા દુપહિયા]

સાથે મળીને વાંચીએ અને વાતચીત કરીએ

પ્રશ્ન 1. સર્કસ પહેલાં જેટલું હવે લોકપ્રિય રહ્યું નથી એનું કારણ શું હોઈ શકે છે ?


પ્રશ્ન 2. એવા અન્ય બીજા કયા કયા ખેલ છે જે થોડા સમય પહેલાં ખૂબ લોકપ્રિય હતા, પરંતુ અત્યારે નથી તો એવું શા માટે થયું હશે?

પ્રશ્ન 3. બેરોજગારીને કારણે હાજી અને નાજીને સર્કસમાં કામ કરવું પડ્યું. આજના સમયમાં રોજગારીની તક વધી છે કે ઘટી છે? કેવી રીતે?

પ્રશ્ન 4. આજના સમયમાં પણ અમુક લોકો સ્ત્રીઓ બહાર જઈને નોકરી કરે એવું પસંદ કરતા નથી. આ વિશે તમારું શું માનવું છે? શા માટે?

પ્રશ્ન 5. ઘણા લોકોને એવા કામમાં જીવન પસાર કરવું પડે છે, જે કામ તેઓ કરવા ઇચ્છતા જ નથી આવું શા માટે થતું હશે? શું આનો ઉકેલ શક્ય છે?

- **મારું મનપસંદ કાર્ય**



સમયસર

નિયમ મુજબ રોજેરોજ
સૂર્ય ઊગી જાય છે
નિયમ મુજબ રોજ ચાંદ
વધતો–ઘટતો ને હસતો જાય છે.

નિયમ મુજબ તારાઓ
ઝાંખા થઇ ફરી ખીલી જાય છે
એ જ નિયમથી નદી–નાળાં
સાગરમાં ભળી જાય છે.



એ જ નિયમથી તમેય
સઘળાં કરો કામ
સૂઇને ઉઠવું, ન્હાવું –ધોવું
બેસવુંને વળી સમયસર ખાવું

ભણવાનુંને રમવાનું પણ
સમયસર કરવાનું
જીવનની આ રીતથી
તમેય સફળ થાઓ.

–નિરંકારદેવ સેવક

પ્રશ્ન 1. સમય શબ્દનો ઉપયોગ કરી એક વાક્ય આપવામાં આવ્યું છે. નીચે આપેલા શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો અને

સમય	**જે સમયની કિંમત નથી કરતા, સમય તેની કિંમત નથી કરતો**
જમાનો	
કાળ	
યુગ	
દિવસ	

પ્રશ્ન 2. આ ગીતમાં સમય ઉપર કામ કરવા ભાર મૂકવામાં આવ્યો છે.

એ જ નિયમથી તમેય
સઘળાં કરો કામ
સૂઈને ઉઠવું, ન્હાવું –ધોવું
બેસવુંને વળી સમયસર ખાવું

તમે કયું કામ સમયસર કરી શકો છો? કયું નહીં?
કારણ આપો.

_____

_____

_____

_____

પ્રશ્ન ૩. કોઈ એક કામ જે તમે આપેલા સમયમાં કરશો અથવા કરવા ઇચ્છશો?

આજ	
આવતીકાલ	
આ અઠવાડિયામાં	
આ મહિનામાં	
આ વર્ષમાં	

મારા શબ્દો

- આપણી વાતચીતમાં સમય ક્યારે, ક્યાં અને કેવી રીતે આવે છે, વાંચો –

સમય પરિવર્તન

ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં

સમય ખરાબ ચાલી રહ્યો છે.


સમય સમયની વાત છે.

ગયેલો સમય પાછો આવતો નથી.

કાલ કરવાનું છે એ આજે જ કર.

આવા પ્રકારનાં બીજાં કેટલાંક વાક્યો બનાવો કે જેમાં સમયનો ઉલ્લેખ થયો હોય.

- ચાલો આપણા હાથની આંગળીઓ ગણીએ.




બન્ને હાથની કુલ આંગળીઓ = 5 + 5 = 5 x 2 = =10

- 12 હાથની કુલ કેટલી આંગળીઓ છે ?





• આવો, ઘડિયાળથી સમય જોતાં શીખીએ.

મોટાભાગે ઘડિયાળના ડાયલ પર 12 અંક હોય છે. દરેક બે અંકની વચ્ચે 4 નાની નાની લીટીઓ હોય છે.



- આખા ડાયલમાં કેટલી લીટીઓ છે? તે ગણીને લખો. __લીટીઓ.
- ઘડિયાળના ડાયલ પર બે અથવા ત્રણ પ્રકારના કાંટા ફરતાં હોય છે.






ત્રણ કાંટાવાળી ઘડિયાળ





બે કાંટાવાળી ઘડિયાળ

- સૌથી **નાનો કાંટો કલાકનો કાંટો** હોય છે. જે કલાક બતાવે છે. કલાકનો કાંટો એક અંકથી બીજા અંક પર એક કલાકમાં પહોંચે છે. એ 12 કલાકમાં સંપૂર્ણ ડાયલનું એક ચક્કર પૂરું કરે છે, તો 24 કલાકમાં અથવા એક દિવસમાં કલાકનો કાંટો સંપૂર્ણ ડાયલના કેટલાં ચક્કર મારશે?
- સૌથી **લાંબો અને પાતળો કાંટો મિનિટ**નો છે. એ મિનિટ બતાવે છે. મિનિટનો કાંટો એક અંક પરથી બીજા અંક પર 5 મિનિટમાં પહોંચે છે. આ કાંટો 60 મિનિટમાં સંપૂર્ણ ડાયલનું એક ચક્કર પૂરું કરે છે.
- સૌથી **લાંબો અને મિનિટના કાંટાથી પાતળો કાંટો સેકન્ડનો** છે. આ કાંટો સૌથી ઝડપથી ચાલે છે. જે સેકન્ડ બતાવે છે.



ઘડિયાળમાં 2 વાગ્યા છે.



ઘડિયાળમાં 5 વાગ્યા છે.

60 મિનિટ પૂર્ણ થવાથી એક કલાકનો સમય થાય તો 3 કલાકમાં કેટલી મિનિટ થાય?

3 x 60 = અથવા 60

x 3

ઘડિયાળમાં કેટલા વાગ્યા.....

જ્યારે મિનિટનો કાંટો 12 પર હોય ત્યારે કલાકનો કાંટો જે અંક પર હોય, તે સમયે તેટલા વાગ્યા હશે. જેમકે જો કલાકનો કાંટો 3 ઉપર હોય અને મિનિટનો કાંટો 12 ઉપર હોય તો તે સમયે ત્રણ વાગ્યાનો સમય થયો છે.





બાર વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા



--------- વાગ્યા


શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને પ્રોત્સાહન આપો કે તેઓ ઘડિયાળમાં સમય જોઈને કહેતાં શીખે, સમયનું માપન અને કલાક, મિનિટ, સેકન્ડના અરસપરસના સંબંધને સમજે.

ડિજિટલ ઘડિયાળો


- ડિજિટલ ઘડિયાળમાં સમય લખેલો જ હોય છે. રેલવે સ્ટેશન, મોબાઈલ વગેરેમાં આ પ્રકારની ઘડિયાળ હોય છે.
- ઘડિયાળમાં કયો સમય થયો છે? દર્શાવો













- **ચાલો, હવે જાતે કરીએ [પહેલાં અનુમાન કરીએ અને પછી ઘડિયાળનો ઉપયોગ કરીને જાણીએ]**

- તમને જમવામાં કેટલો સમય લાગે છે ? _____ મિનિટ
- તમને નહાવામાં કેટલો સમય લાગે છે ? _____ મિનિટ
- રાત્રે હું _____ વાગ્યે સૂઈ જાવ છું અને સવારે _____ વાગ્યે જાગી જાવ છું. હું _____ કલાક સૂવું છું.
- તમારા ગામની શાળા _____ વાગ્યે ખૂલે છે અને _____ વાગ્યે બંધ થાય છે, શાળા _____ કલાક ચાલે છે.

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને કાંટાવાળી ઘડિયાળ અને ડિજિટલ ઘડિયાળમાં સમય જોવા અને જણાવવા માટે પ્રોત્સાહિત કરો.

ખેડૂતની સવાર

સવારે 6 કલાક  થી ખેડૂત ઘાસ કાપવાનું શરૂ કરી તેના નાના નાના ઢગલા બનાવે છે જ્યારે 5 નાના ઢગલા બની જાય ત્યારે તે પાંચેયને ભેગા કરીને એક મોટો ઢગલો બનાવે છે. 7 વાગ્યા  સુધી ઘાસ કાપી, 15 મિનિટ પછી એ પોતાના ઘરે પહોંચી જાય છે.

સવારે 6 વાગ્યાથી 7 વાગ્યા સુધી તે ઘાસના 4 મોટા ઢગલા બનાવી લે છે. તો તેઓ ઘાસ કાપી કેટલા નાના ઢગલા બનાવી શકશે?


_____ તેને _____ x _____ પણ લખી શકાય છે.


- તે ઘરે કેટલા વાગ્યે પાછા પહોંચ્યા હતા? સવારે _____ વાગ્યે  આ સમય ઘડિયાળમાં દર્શાવેલ છે.
- ખેડૂતે કેટલા વાગ્યે ઘાસ કાપવાનું શરૂ કર્યું હતું? સવારે _____ વાગ્યે
- ખેડૂતે ઘાસ કાપવાનું કામ કેટલા વાગ્યા સુધી કર્યું? સવારે _____ વાગ્યે
- ઘાસ કાપવા માટે ખેડૂતને કેટલો સમય લાગ્યો? _____ કલાક = _____ મિનિટ

- ઘાસ કાપવા અને પાછા ઘરે પહોચવામાં ખેડૂતને કેટલો સમય લાગ્યો
  1 કલાક 15 મિનિટ = _____ મિનિટ

શિક્ષક માટેની સૂચના: રોજબરોજના જીવનનાં કાર્યોમાં લાગતો સમય માટે બીજાં ઉદાહરણો લઈ ચર્ચા કરો.

મારા શબ્દો


અમદાવાદ AHMEDABAD
અમદાવાદ
AHMEDABAD



વાતચીત માટે :–

[1] આ ચિત્ર ક્યા સ્ટેશનનું છે?

[2] પ્લેટફોર્મ ઉપર કઈ ટ્રેન ઊભી છે?

[3] તમારા ઘરની સૌથી નજીકનું રેલવે સ્ટેશન કયું છે?

[4] તમારા ગામ/વિસ્તાર/શહેરથી અમદાવાદ કેવી રીતે જઈ શકાય?

10

પ્રવાસ

U7R3K4

આપણે શીખીશું

- સમયના માપનો ઉપયોગ કરવો [12 કલાક અને 24 કલાકવાળી ઘડિયાળ]
- તારીખિયું, સમયસૂચિ અને રેલવે ટિકિટ ઉપર આપેલી સૂચનાઓની સમજ કેળવવી.

- નીચે આપેલ શબ્દો વાંચો.


સીટ	દૃશ્ય	ચાલક	શહેર	પગદંડી
પાછા ફરવું	રેલગાડી	રસ્તો	શૌચાલય	પ્રવાસ
સડક	બળદગાડી	ભાડું	સામાન	સાકઈલ
ટિકિટ	પ્રવાસ	પ્રવાસી	બસ સ્ટેશન	રેલવે સ્ટેશન
બુકિંગ	રિક્ષા	સ્લીપર	ગાર્ડ	એન્જિન
ટી.ટી.	પ્લેટફોર્મ	કંડક્ટર	આરક્ષણ	તત્કાળ


શિક્ષક માટેની સૂચના: ઉપર પ્રવાસ સાથે જોડાયેલા કેટલાક શબ્દો આપેલા છે. આ શબ્દો ઉપર ચર્ચા કરો. તેઓને પ્રવાસ સાથે જોડાયેલો કોઈ રસપ્રદ અનુભવ કહેવા માટે પ્રોત્સાહિત કરો. પ્રવાસના અનુભવ આધારિત નાટક તૈયાર કરી સાથી શિક્ષાર્થીઓને બતાવો.

ગાંધીજીની આત્મકથામાંથી.....

‘ગિરમીટની પ્રથા’ આ પ્રકરણમાં ગાંધીજી લખે છે....

રેલવેની ભીડભાડની મુશ્કેલીઓનો ખૂબ જ કડવો અનુભવ મને થયો. મારે લાહોરના માર્ગે થઈને કરાંચીથી કલકત્તા જવાનું હતું. લાહોરથી ટ્રેન બદલવાની હતી. ત્યાં ટ્રેનમાં અંદરની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. પ્રવાસી ધક્કામુક્કી કરી બળપૂર્વક પોતાનો માર્ગ કરી લેતા હતા. બારણું બંધ હોય તો તેઓ બારીમાંથી અંદર આવી જતા હતા. મારે કલકત્તા ચોક્કસ તારીખે પહોચવું હતું. આ ટ્રેન ચૂકી જાત તો હું કલકત્તા ન પહોંચી શકત. મે જગ્યા મેળવવાની આશા છોડી દીધી હતી. કોઈ મને એમના ડબ્બામાં ચડવા દેતા ન હતા. એક મજૂરે કહ્યું, “મને બાર આના આપો તો હું જગ્યા મેળવી આપું.” મજૂર ખૂબ કરગરીને પ્રવાસીઓને આગ્રહ કરી રહ્યો હતો, પણ મને કોઈ ડબ્બામાં





લેવા તૈયાર ન હતા. ટ્રેન ઉપડવાની તૈયારીમાં હતી ત્યારે કોઈ યાત્રીએ કહ્યું કે, "ડબ્બામાં જગ્યા નથી તો પણ અંદર આવી શકતા હો તો પ્રયત્ન કરી જુઓ પરંતુ ઊભા રહેવું પડશે." મજૂરે મારી સામે જોઈને કહ્યું, "કેમ ચાલશે ને?" મે કહ્યું, "હા" અને ત્યારે એણે મને ઉપાડીને બારીમાંથી અંદર નાખી દીધો. હું અંદર ઘૂસ્યો અને મજૂરે બાર આના કમાઈ લીધા.

આ રાત મારી ખૂબ મુશ્કેલીથી વીતી. બીજા પ્રવાસી જેમતેમ કરી બેસી ગયા, હું ઉપરવાળી બેઠકની સાંકળ પકડીને બે કલાક ઊભો રહ્યો. આ વચ્ચે બીજા પ્રવાસીઓ મને ધમકાવતાં રહ્યાં કે, "ભાઈ, બેસતા કેમ નથી?" મે ખૂબ સમજાવ્યાં કે, "ભાઈ જગ્યા નથી." એ જેટલા મને પરેશાન કરતાં હતા તેટલી જ શાંતિથી હું એમને જવાબ આપતો હતો. એનાથી એ થોડા શાંત થયા. તેઓએ મારું નામ અને સરનામું પૂછ્યું, જ્યારે મારે મારું નામ જણાવવું જ પડ્યું ત્યારે એ શરમાયા. તેઓએ મારી માફી માંગી અને મારા માટે તેમની બાજુમાં બેસવાની જગ્યા કરી આપી. 'ધીરજનાં ફળ મીઠાં' એ કહેવત મને યાદ આવી. હું ખૂબ જ થાકી ગયો હતો. મારું માથું દુ:ખતું હતું. જ્યારે મારે ખરેખર બેસવાની જરૂર હતી ત્યારે ભગવાને મને બેસવાની જગ્યા મેળવી આપી.

• વાંચો અને વાતચીત કરો

પ્રશ્ન 1. ગાંધીજી ટ્રેનથી પ્રવાસ કરવા રેલવે સ્ટેશન પહોંચ્યા. અહીં સુધીનો પ્રવાસ તેમણે કેવી રીતે કર્યો હશે?

પ્રશ્ન 2. ગાંધીજીના સમયમાં રેલવે, મોટર, ઘોડાગાડી, સાઇકલ અને બળદગાડી જેવાં વાહનો વધારે જોવા મળતાં હતાં. આજના સમયના યાત્રા માટે બીજા કયાં કયાં વાહનો ઉપલબ્ધ છે?

પ્રશ્ન 3. ગાંધીજીનું નામ જાણી પ્રવાસીઓ શા માટે શરમાઈ ગયા?

પ્રશ્ન 4. જેવી રીતે ગાંધીજીને પોતાનો પ્રવાસ યાદ રહી ગયો, શું તમને પણ તમારો કોઈ પ્રવાસ યાદ છે? એના વિશે જણાવો.

પ્રશ્ન 5. ઘણાંબધાં ગામોમાં આજે પણ આવવા જવા માટે સુવિધા નથી. આ સમયે લોકોને કેવા કેવા પ્રકારની મુશ્કેલીઓ સહન કરવી પડે છે? તમારા વિસ્તારના અનુભવના આધારે જણાવો.

ગાંધીજીએ લાહોરથી કલકત્તાની આ યાત્રા વર્ષ 1917 માં કરી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના આમંત્રણ પર કલકત્તા પહોંચવું તેમના માટે જરૂરી હતું. તે સમય સુધી તેમને મહાત્માની પદવી મળી ન હતી પરંતુ જ્યાં ઓળખ થતી ત્યાં તેમના નામનો ઉલ્લેખ થતો હતો.

પ્રવાસ

હું મારી બહેનના ઘરે આવ્યો હતો. બે ત્રણ દિવસ અહીં રહીશ પછી હું મારા ઘરે પાછો ફરીશ. બહેન પણ ક્યારેક ક્યારેક આવે છે. પણ તેનું આવવું, ઘરે પાછું આવવું નથી હોતું. અમે બંને એ એક જ ઘરથી પ્રવાસ શરૂ કર્યો હતો. બહેન મારાથી ત્રણ વર્ષ મોટી હતી.તે મને ખૂબ જ લાડ કરતી હતી, તે કંઈપણ ખાય તો મારો ભાગ એમાં કાયમ રાખે. હું પણ ક્યારેક ક્યારેક તેને મારી વસ્તુઓ આપતો હતો. તેને મારા કપડાં ટૂંકાં થતાં હતાં. પરંતુ મને તેનાં કપડાં થઈ રહેતાં હતાં પણ થોડાં ખૂલતાં થતાં હતાં. એકવાર મે તેનું ફ્રૉક પહેરી લીધું હતું તો એ તેનું પેટ પકડીને એટલું હસી, એટલું હસી કે હસતી જ રહી. હું સમજ્યો નહીં પણ તે હસી રહી હતી એટલે હું પણ હસવા લાગ્યો.



આજે સવારથી એના ઘરે આવ્યો છું. સવારથી જ એ વાત–વાતમાં હસી રહી છે. એનાં બાળકો અને એના પતિ બધાનું કામ એના વિના અટકી જાય છે. હું તેમને એકલામાં મળવા ઈચ્છું છું, પરંતુ તેનાં બાળકો હંમેશાં તેની આસપાસ હોય છે. તેણે આંગણામાં એક જમરૂખનું ઝાડ વાવ્યું હતું. આ વખતે તેમાં પહેલીવાર ફળ આવ્યાં છે. આ પહેલું ફળ મે તેના માટે તોડ્યું હતું. તે હું તેને આપવા માંગુ છું. બાળકોની સામે આપુ તો ખબર નહીં તેઓ કદાચ હસવા લાગે, કે શું ખબર તે પોતે ન ખાય અને તેના બાળકોને આપી દે, કે પછી શું ખબર કે બાળકો જ તેની પાસેથી ઝૂંટવીને લઈ લે.

આજ પાછો ફરી રહ્યો છું. રાતની બસ છે. બસમાં બધાં ઊંઘી રહ્યાં છે. માત્ર ડ્રાઈવર જાગી રહ્યો છે. પણ તે તો ડ્રાઈવર છે અને બીજો હું જાગી રહ્યો છું. રસ્તામાં દુકાનો છે. ખૂબ ઠંડી છે. એક દુકાન પાસે તાપણું જોવા મળ્યું અને બીજું કોઈ દેખાતું ન હતું. માત્ર બે કૂતરા ત્યાં ઊંઘી રહ્યા હતા. ક્યારેક ક્યારેક થોડો ઝાંખો પ્રકાશ દેખાઈ રહ્યો હતો. ક્યાંક દૂર ખેતરમાં એક બલ્બ લટકતો દેખાય છે. બાકી બધી બાજુ અંધારું છે. બસની હેડલાઈટના પ્રકાશમાં થોડીક સડક દેખાઈ રહી છે.

આ કેવો પ્રવાસ છે કે જેમાં બધા ઊંઘી રહ્યાં છે. કોઈને કાઈ ખબર નથી કે ક્યાં જઈ રહ્યા છીએ. ડ્રાઈવર પર ખૂબ ભરોસો છે. બસની બહાર પણ બધાં ઊંઘી રહ્યાં છે. સવારે હું ઘરે પહોંચી જઈશ.

મા આંગણામાં મારી રાહ જોતી બેઠી છે. બહેને મા માટે શાલ મોકલી હતી. તે મે થેલાના ઉપરના ખાનામાં રાખી હતી. ત્યાં પહોંચતા જ મે શાલ તેમના હાથમાં રાખી દીધી. મા ખૂબ જ ખુશ થઈ. મે થેલામાંથી તે જામફળ કાઢ્યાં અને ડાળીની એ જગ્યા શોધવા લાગ્યો જ્યાંથી મે તેને તોડ્યાં હતાં.

– સુશીલ શુક્લ

• જણાવો :–

પ્રશ્ન 1. લેખક પોતાની બહેનને જામફળ શા માટે ન આપી શક્યા?

પ્રશ્ન 2. પ્રવાસ વાંચતી વખતે આપને કેવો અનુભવ થયો? શું તેનો કોઈ એક ભાગ વાંચતી વખતે તમને એવું લાગ્યું કે આપને પણ આવો અનુભવ થયો હોય?

પ્રશ્ન 3. પ્રવાસ કરતી વખતે લેખકે બસની બહાર શું શું જોયું?

પ્રશ્ન 4. ઘણી વખત નાના છોકરાઓ પોતાની બહેનનું ફ્રૉક પહેરી લેતા હોય છે. તમે આ વિશે શું કહેશો ?

પ્રશ્ન 5. વાર્તામાં એવા ક્યા ક્યા અંશ છે જે એવું જણાવે છે કે ભાઈ–બહેન વચ્ચે ખૂબ પ્રેમ છે?

પ્રશ્ન 6. તમે ક્યાં કારણોથી પ્રવાસ કર્યો છે ?

• વાંચો અને લખો

પ્રશ્ન 1. સાચી કહેવતો દ્વારા વાક્ય પૂર્ણ કરો.

(ઘોડા વેચીને સૂઈ જવું, હસી હસીને ગોટો વળી જવું,
કાળજું કંપી ઊઠવું, ઈદનો ચાંદ હોવું, આંખ મીંચાઈ જવી)

[ક] મને ફ્રૉક પહેરેલું જોઈ તે .....

[ખ] તમે તો ઘણા દિવસ પછી દેખાયા હોં .....

[ગ] અંધારામાં તો મારું .....

[ઘ] મારી રાહ જોતાં – જોતાં માની .....

[ઙ] રાત્રે તો બધા .....

પ્રશ્ન 2. સાચા શબ્દો લખો :–

1 તમારે ..... જાવું છે? [ક્યાં, કયા]
2 બહેનની સાડી ..... છે. [સુંદર, સુદર]
3 સ્વેટર પહેર્યું હોવા છતાં ખૂબ ..... લાગતી હતી. [ઠંડી, ઠડી]
4 બહેને ..... આજે ખૂબ વરસાદ આવશે. [કહ્યું, કહયુ]

પ્રશ્ન 3 તમારા ગામ/શહેરમાં પ્રવાસ માટે ક્યાં ક્યાં વાહન છે? નીચેના પૈકી આવન–જાવન માટે તમે ક્યા વાહનોનો ઉપયોગ કરો છો તેની સામે ખરા (√)ની નિશાની કરો.

બસ		સ્કૂટર	
રેલગાડી		રિક્ષા	
મેટ્રો		ટેક્સી	
જીપ		ટ્રક	

પ્રશ્ન 4. તમારા કોઈ યાદગાર પ્રવાસની કેટલીક બાબતો અહીં લખો.

_____

_____

_____

_____

_____

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

પ્રશ્ન 5. કોઈપણ પ્રવાસ માટે કેવા કેવા પ્રકારની પૂર્વતૈયારીની જરૂરિયાત હોય છે?
વિચારોની આપ–લે કરો અને લખો.

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

———————————————————————

24 – કલાકવાળી ઘડિયાળ

એક દિવસમાં 24 કલાક હોય છે. મોટાભાગે આપણે 12 કલાકવાળી ઘડિયાળથી સમય જોઈએ છીએ. એમાં કલાકનો કાંટો એક દિવસમાં સમગ્ર ઘડિયાળનાં બે ચક્કર લગાવે છે. એક ચક્કરમાં 12 કલાક લાગે છે. પછી બીજું ચક્કર શરૂ થાય જાય છે. 12 કલાકવાળી ઘડિયાળમાં સમય દર્શાવવા રાતના 12 થી બપોર 12 વાગ્યા સુધી AM (Ante Meridiam) અને બપોર 12 વાગ્યા પછી રાતના 12 સુધી PM (Post Meridiam) દર્શાવે છે. 24 કલાકવાળી ઘડિયાળ અડધી રાત્રે 12 વાગ્યે પૂરા 24 કલાકનો સમય બતાવે છે. એવી જ રીતે જ્યારે સાંજે 5 વાગે ત્યારે 17:00 દર્શાવે, અને તેનો ઉપયોગ રેલવે સ્ટેશન, એરપોર્ટ વગેરે જેવી જાહેર જગ્યાઓ માં થાય છે.

સમય પત્રક

ભરત મહાબોધિ એક્સપ્રેસમાં બેસીને નવી દિલ્હીથી પ્રયાગરાજ જંકશન સુધીનો પ્રવાસ કરશે. 24 કલાકવાળી ઘડિયાળ મુજબ આ રેલગાડીની સમય સારણી આપવામાં આવી છે.

12398 મહાબોધિ એક્સપ્રેસ સમય સારણી

ક્રમ	સ્ટેશનનું નામ	સ્ટેશને આવવાનો	સ્ટેશનથી ઉપડવાનો સમય	અંતર [કિલોમીટરમાં]
1	નવી દિલ્હી	---------	12:10	-------
2	અલીગઢ જંકશન	13:51	13:53	131
3	કાનપુર સેન્ટ્રલ	17:30	17:40	440
4	પ્રયાગરાજ જંકશન	20:10	20:15	635


- **હવે મહાબોધિ એક્સપ્રેસની સમય સારણી જોઈને કહો :–**

1. ભરત પ્રયાગરાજ જંકશન ક્યારે પહોંચશે? ત્યારે 12 કલાકવાળી ઘડિયાળમાં કેટલો સમય હશે?
2. નવી દિલ્હીથી પ્રયાગરાજ જંકશન પહોચવામાં તેમને કેટલો સમય લાગશે?
3. નવી દિલ્હીથી પ્રયાગરાજ જંકશન કેટલા કિલોમીટર દૂર છે?
4. અલીગઢ જંકશનથી પ્રયાગરાજ જંકશન કેટલું દૂર છે?

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો કે તેઓ 24 કલાકવાળી ઘડિયાળ અને 12 કલાકવાળી ઘડિયાળમાં જોઈ સમય જણાવી શકે તથા 24 કલાકવાળી ઘડિયાળમાં આપેલા સમયને 12 કલાકવાળી ઘડિયાળમાં ફેરવી શકે. રેલવે ટાઇમ ટેબલના ઉપયોગથી મહાવરો કરવાની તક આપો.

- **રેલવેની ટિકિટ**

ચાલો, ભરતની રેલગાડીની ટિકિટનો નમૂનો જોઈએ



નમૂનામાં દર્શાવેલ રેલવેની ટિકિટના આધારે પ્રશ્નોના જવાબ લખો.

1. રેલવે ટિકિટમાં ગાડીનું નામ શું છે? .....

2. ગાડીનો નંબર શું છે? .....

3. કોચ નંબર શું છે? .....

4. સીટ નંબર શું છે? .....

5. ભરતની ઉંમર કેટલી લખેલી છે? .....


6. નવી દિલ્હીથી પ્રયાગરાજ જંકશનની ટિકિટ કેટલા રૂપિયાની છે? .....

7. કેટલા રૂપિયા પાછા મળશે ? —



આપીને ટિકિટ ખરીદવા પર

- **રેલવેની ટિકિટમાં છપાયેલી સૂચનાઓ વાંચી જણાવો અને લખો.**



शुभ यात्रा HAPPY JOURNEY

पी एन आर नं. PNR NO.	गाड़ी नं. TRAIN NO.	तिथि DATE	कि.मी. K.M	वयस्क ADULT	बच्चे CHILD	टिकट नं. TICKET NO.
423-4888961	12429	30-01-2012	705	1	0	A 10698864 /10698864

श्रेणी CLASS — JOURNEY CUM RESERVATION TICKET — से आरक्षित PRS-SC

3वाला बेंगलूरु सिटी जं. सिकंदराबाद जं.

BANGALORE CY JN SECUNDERABAD JN तक आरक्षित / RESV. UP TO 313

कोच COACH	सीट/बर्थ SEAT/BERTH	लिंग SEX	आयु AGE	यात्रा प्राधिकार T.AUTHORITY	रियायत CONC	आ.शु. R.FEE	श.प्र. S.CH.	सु.प्र. SF.CH	वाउचर रु. VOUCH. Rs.	कु. नकद रु. T.CASH Rs.
B4	1 LB	F	25	NV		20				1085

Rs.ONE ZERO EIGHT FIVE ONLY

RAJDHANI EXP BRD BANGALORE CY JN SCH DEP 30-01 20:20 ARR 31-01 07:35
313 04-11-2011 16:55 JET 1 VIA DMM

- પ્રવાસનું અંતર કેટલું છે? .....
- પ્રવાસની તારીખ કઈ છે? .....
- આપેલ ટિકિટ દ્વારા ક્યાંથી ક્યાં સુધીનો પ્રવાસ કરી શકાય? .....
- પ્રવાસનું ભાડું કેટલું છે? .....
- જો 4 પ્રવાસી હોય તો કેટલું ભાડું થશે? .....
- ટિકિટનો પી.એન.આર. નંબર શું છે? .....

તારીખિયું

વર્ષમાં 12 મહિના હોય છે. કેટલાક મહિના 30 દિવસના હોય છે તો કેટલાક મહિના 31 દિવસના હોય છે. ફેબ્રુઆરી મહિનો 28 કે 29 દિવસનો હોય છે. વર્ષનો પહેલો મહિનો જાન્યુઆરી અને છેલ્લો મહિનો ડિસેમ્બર હોય છે.

સને ૨૦૨૨

	જાન્યુઆરી				
રવિ	૩૦	૨	૯	૧૬	૨૩
સોમ	૩૧	૩	૧૦	૧૭	૨૪
મંગળ	...	૪	૧૧	૧૮	૨૫
બુધ	...	૫	૧૨	૧૯	૨૬
ગુરૂ	...	૬	૧૩	૨૦	૨૭
શુક્ર	...	૭	૧૪	૨૧	૨૮
શનિ	૧	૮	૧૫	૨૨	૨૯

	ફેબ્રુઆરી				
રવિ	...	૬	૧૩	૨૦	૨૭
સોમ	...	૭	૧૪	૨૧	૨૮
મંગળ	૧	૮	૧૫	૨૨	...
બુધ	૨	૯	૧૬	૨૩	...
ગુરૂ	૩	૧૦	૧૭	૨૪	...
શુક્ર	૪	૧૧	૧૮	૨૫	...
શનિ	૫	૧૨	૧૯	૨૬	...

	માર્ચ				
રવિ	...	૬	૧૩	૨૦	૨૭
સોમ	...	૭	૧૪	૨૧	૨૮
મંગળ	૧	૮	૧૫	૨૨	૨૯
બુધ	૨	૯	૧૬	૨૩	૩૦
ગુરૂ	૩	૧૦	૧૭	૨૪	૩૧
શુક્ર	૪	૧૧	૧૮	૨૫	...
શનિ	૫	૧૨	૧૯	૨૬	...

	એપ્રિલ				
રવિ	...	૩	૧૦	૧૭	૨૪
સોમ	...	૪	૧૧	૧૮	૨૫
મંગળ	...	૫	૧૨	૧૯	૨૬
બુધ	...	૬	૧૩	૨૦	૨૭
ગુરૂ	...	૭	૧૪	૨૧	૨૮
શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯
શનિ	૨	૯	૧૬	૨૩	૩૦

	મે				
રવિ	૧	૮	૧૫	૨૨	૨૯
સોમ	૨	૯	૧૬	૨૩	૩૦
મંગળ	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુધ	૪	૧૧	૧૮	૨૫	...
ગુરૂ	૫	૧૨	૧૯	૨૬	...
શુક્ર	૬	૧૩	૨૦	૨૭	...
શનિ	૭	૧૪	૨૧	૨૮	...

	જૂન				
રવિ	...	૫	૧૨	૧૯	૨૬
સોમ	...	૬	૧૩	૨૦	૨૭
મંગળ	...	૭	૧૪	૨૧	૨૮
બુધ	૧	૮	૧૫	૨૨	૨૯
ગુરૂ	૨	૯	૧૬	૨૩	૩૦
શુક્ર	૩	૧૦	૧૭	૨૪	...
શનિ	૪	૧૧	૧૮	૨૫	...

	જુલાઈ				
રવિ	૩૧	૩	૧૦	૧૭	૨૪
સોમ	...	૪	૧૧	૧૮	૨૫
મંગળ	...	૫	૧૨	૧૯	૨૬
બુધ	...	૬	૧૩	૨૦	૨૭
ગુરૂ	...	૭	૧૪	૨૧	૨૮
શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯
શનિ	૨	૯	૧૬	૨૩	૩૦

	ઓગસ્ટ				
રવિ	...	૭	૧૪	૨૧	૨૮
સોમ	૧	૮	૧૫	૨૨	૨૯
મંગળ	૨	૯	૧૬	૨૩	૩૦
બુધ	૩	૧૦	૧૭	૨૪	૩૧
ગુરૂ	૪	૧૧	૧૮	૨૫	...
શુક્ર	૫	૧૨	૧૯	૨૬	...
શનિ	૬	૧૩	૨૦	૨૭	...

	સપ્ટેમ્બર				
રવિ	...	૪	૧૧	૧૮	૨૫
સોમ	...	૫	૧૨	૧૯	૨૬
મંગળ	...	૬	૧૩	૨૦	૨૭
બુધ	...	૭	૧૪	૨૧	૨૮
ગુરૂ	૧	૮	૧૫	૨૨	૨૯
શુક્ર	૨	૯	૧૬	૨૩	૩૦
શનિ	૩	૧૦	૧૭	૨૪	...

	ઓક્ટોબર				
રવિ	૩૦	૨	૯	૧૬	૨૩
સોમ	૩૧	૩	૧૦	૧૭	૨૪
મંગળ	...	૪	૧૧	૧૮	૨૫
બુધ	...	૫	૧૨	૧૯	૨૬
ગુરૂ	...	૬	૧૩	૨૦	૨૭
શુક્ર	...	૭	૧૪	૨૧	૨૮
શનિ	૧	૮	૧૫	૨૨	૨૯

	નવેમ્બર				
રવિ	...	૬	૧૩	૨૦	૨૭
સોમ	...	૭	૧૪	૨૧	૨૮
મંગળ	૧	૮	૧૫	૨૨	૨૯
બુધ	૨	૯	૧૬	૨૩	૩૦
ગુરૂ	૩	૧૦	૧૭	૨૪	...
શુક્ર	૪	૧૧	૧૮	૨૫	...
શનિ	૫	૧૨	૧૯	૨૬	...

	ડિસેમ્બર				
રવિ	...	૪	૧૧	૧૮	૨૫
સોમ	...	૫	૧૨	૧૯	૨૬
મંગળ	...	૬	૧૩	૨૦	૨૭
બુધ	...	૭	૧૪	૨૧	૨૮
ગુરૂ	૧	૮	૧૫	૨૨	૨૯
શુક્ર	૨	૯	૧૬	૨૩	૩૦
શનિ	૩	૧૦	૧૭	૨૪	૩૧

જે વર્ષનો ચાર વડે ભાગાકાર કરતાં જો શેષ વધે તો ફેબ્રુઆરી માસના દિવસ 28 થશે અને જો શેષ ન વધે તો 29 દિવસ થશે.

એક વર્ષમાં 365 દિવસ હોય છે, જે વર્ષમાં ફેબ્રુઆરી માસના દિવસ 29 હોય તે વર્ષના 366 દિવસ થશે .

આપણે બધા જાણીએ છીએ કે અઠવાડિયામાં 7 દિવસ હોય છે. તારીખિયાંમાં અઠવાડિયાનો પહેલો દિવસ રવિવાર અને અંતિમ દિવસ શનિવાર હોય છે .

તારીખિયામાં એક વર્ષના દરેક માસની વિગત હોય છે, જેમકે દરેક માસનાં કેટલાં અઠવાડિયા હશે...ક્યા દિવસે કઈ તારીખ હશે... કઈ તારીખે કયો વાર હશે... વગેરે

ચાલો, આપેલ કેલેન્ડરને જુઓ અને સમજો –

- **નીચે વર્ષ 2022 ના ઓગસ્ટ મહિનાનું કેલેન્ડર આપ્યું છે તેમાં ખૂટતી વિગતો ભરો.**

રવિવાર	સોમવાર	મંગળવાર	બુધવાર	ગુરુવાર	શુક્રવાર	શનિવાર
	1	2	3			6
7						
			17			20
21				25		
			31			

- **તારીખિયું જોઈને જણાવો–**

- આ મહિનામાં કેટલા રવિવાર આવે છે?
- 17 ઓગસ્ટના રોજ કયો વાર છે?
- માસના ચોથા શનિવારે કઈ તારીખ આવે છે?
- 19 તારીખે કયો વાર છે?
- જો ભરત 6 તારીખે પ્રવાસની શરૂઆત કરે અને 15 તારીખે પ્રવાસ પૂર્ણ કરે તો તેણે કેટલા દિવસનો પ્રવાસ કર્યો? તમને એની ખબર કેવી રીતે પડી?
- આ મહિનાનો છેલ્લો દિવસ કયો છે?
- દિપીકાને દર શુક્રવારે રજા મળે છે. આ મહિને એને કેટલી રજા મળશે?

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો કે તેઓ તારીખિયાની મદદથી બે તારીખોની વચ્ચેના દિવસોની સમજ મેળવશે.

કક્કાવારી

અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ ઞ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન


પ ફ બ ભ મ


ય ર લ વ


શ ષ સ હ ળ


ક્ષ ત્ર જ્ઞ


CELL FOR NATIONAL CENTRE FOR LITERACY
राष्ट्रीय साक्षरता केंद्र–प्रकोष्ठ










₹
વાર્તા
કહેતા